# રંગલો-રંગલી, નાટ્ય પ્રયોગ દ્વારા તાલીમાર્થીઓને તાલીમ અપાઈ



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાતે કાર્યરત વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા મુખ્ય સેવિકાઓના એક મહિનાના પ્રશિક્ષણનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો.

આઈ.સી.ડી.સી. દ્વારા સંચાલિત સૅક્ટર-૨૨નું આ કેન્દ્ર મિડલ લેવલ ટ્રેનિંગ સેન્ટર દ્વારા ગુજરાતની અલગ અલગ સંસ્થાઓના સેવકોને તાલીમ આપવાનું કાર્ય કરે છે. આંગણવાડીની મુખ્ય સેવિકાઓને પ્રશિક્ષણ આપવાનો એક માસનો સમયગાળો પૂર્ણ થતાં સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગુજરાતમાંથી આવેલી મુખ્ય સેવિકા બહેનોને તાલીમ દરમિયાન વિવિધ વિષયો રંગલો-રંગલી અને લઘુ નાટકના માધ્યમથી શિખવવામાં આવ્યા હતા.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે જીવન ઉપયોગી બોધવાર્તા સેવિકાઓને સંભળાવી હતી. સમારોહ અંતર્ગત સેવિકાઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમની પૂર્ણાહુતિ કલ્યાણમંત્ર દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યા ભારતીનાં વિદ્યાબેન પસારી દ્વારા કરવામાં આવ્યું હતું.

### સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલમાં

# ફ્રૂટ ડેની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૩

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલમાં પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે ફ્રૂટ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક વાતાવરણમાં જ સાહજિકતાથી વિદ્યાર્થીઓમાં વિવિધ ફળો, તેમના આકાર, સ્વાદ, ઋતુ અનુસારની ઉપલબ્ધિ, આહારની દૃષ્ટિએ વિવિધ ફળોના ગુણો વગેરે અંગે સમજ કેળવી શકાય તેવા હેતુસર શાળા મેનેજમેન્ટ દ્વારા ફ્રૂટ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

બાળકો ભિન્ન ભિન્ન ફળોની વેશભૂષા ધરીને શાળામાં આવ્યાં હતાં. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ફળો અંગે વિગતે સમજ આપવામાં આવી હતી. બાળકોને શાળામાં ઉપલબ્ધ તમામ ફળોનો આસ્વાદ પણ કરાવવામાં આવ્યો હતો.

સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોને આ ઉપયોગી ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# જન્મદિને વધામણી



મંજુલાબેન એસ સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨



કુલદીપસિંહ શૈલેષસિંહ સિસોદીયા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ઓમકાર ઈન્ટ. સ્કૂલ ખાતે 'ઑપરેશન ધૂપ'નો પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૩

વિટામીનની જરૂરિયાત માનવ શરીર માટે ખૂબ જ અગત્યની છે. એમાં પણ ખાસ કરીને વિટામીન ડી ચમત્કારિક તત્ત્વ છે. તે કોઈ ખાદ્ય પદાર્થમાંથી નહીં, પરંતુ સૂર્યપ્રકાશના માધ્યમથી પ્રાપ્ત થાય છે. મનુષ્ય શરીરને દૈનિક ૪૦૦થી ૮૦૦ ઈન્ટરનેશનલ યુનિટ વિટામિન ડીઉની જરૂર પડે છે, જેના માટે સવારે ૧૧થી ૧ દરમિયાન મળતો સૂર્યપ્રકાશ અગત્યનો છે. વિટામિન ડીના અભાવે હાડકાં પોચાં પડવાં, માંસપેશીઓનો ઓછો વિકાસ, ઝડપથી થાકી જવું, ડિપ્રેશનમાં આવી જવું જેવી બીમારીઓ જોવા મળે છે. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિટામિન ડીની જરૂરિયાત બાળકો માટે પારખીને બાળકોને સૂર્યપ્રકાશ સરળતાથી મળી રહે તે હેતુથી દૈનિક એક તાસ 'ઓપરેશન ધૂપ'નો નિયત કરવામાં આવ્યો છે. બાળકો આ તાસ દરમિયાન સૂર્યપ્રકાશનો આનંદ લઈ શકે છે, ઉપયોગ કરી શકે છે.

### ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના ઍનઍસઍસ એકમની

# ગ્રામ સ્વરાજ શિબિરનો જાખોરામાં પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૩

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે વિશેષ ખાસ શિબિર "મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ"નું આયોજન જાખોરા ગામ મુકામે કરવામાં આવ્યું છે.





શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે વિશેષ ખાસ શિબિર "મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ"નું આયોજન જાખોરા ગામ ખાતે કરવામાં આવ્યું છે. આ વર્ષ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાનું શતાબ્દી વર્ષ છે. સાથે સાથે પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મ જયંતીનું વર્ષ પણ ચાલે છે અને વિશેષ રાષ્ટ્રીય સેવા યોજના સ્થાપનાના પણ ૫૦ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ પણ દેશમાં ચાલે છે, તેને ધ્યાનમાં રાખી આ વિશેષ શિબિરનું આયોજન જાખોરા ગામ મુકામે થઈ રહ્યું છે.

શિબિરના ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ તરીકે વિદ્યાપીઠના માનદ નિયામક, વિસ્તરણ ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી અને મુખ્ય અતિથી તરીકે રાજ્ય એન.એસ.એસ.ના ક્ષેત્રીય નિયામક ગિરધર ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. અતિથી વિશેષ તરીકે ગૌ સંવર્ધન કેન્દ્ર સાદરાના સંયોજક રમેશભાઈ પટેલ, જાખોરા ગામના સરપંચ કમલેશભાઈ પટેલ અને ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડો. અરુણભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. અતિથી તરીકે ડો. કમલેશભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ, કોદરભાઈ પટેલ, ખોડાભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, ડો. પ્રભુલાલ કાસુન્દ્રા, હેમંતભાઈ અને ડો. જગદીશચંદ્ર ગોઠી હાજર રહ્યા હતા.

ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું, જયારે આભાર વિધિ ડો. જગદીશચંદ્ર સાવલિયા દ્વારા કરવામાં આવી હતી.


આ શિબિરમાં મુખ્ય પ્રવૃત્તિઓ તરીકે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંમસેવકો અને ગામના યુવાનો માટે અધ્યાત્મિક મૂલ્યો, બાયોગેસ અને સજીવ ખેતી, ગ્રામ સ્વરાજ, મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ, ગાંધીજીના રચનાત્મક કાર્યો "સાક્ષરતા" જેવા વિષયો પર તારાદીદી, ડૉ. પ્રતિક શિલ્પકાર, નટવરભાઈ પટેલ, પ્રા. રમેશભાઈ મ. પટેલ, ડૉ. લક્ષ્મણભાઈ અવૈયા વક્તા તરીકે પોતાના વ્યાખ્યાન આપવાના છે. અન્ય પ્રવૃત્તિઓ તરીકે મેડીકલ કેમ્પ અને બાળ તંદુરસ્તી હરિફાઈ, સ્તન કેન્સર અને વ્યસનમુક્તિ જાગૃતિ કાર્યક્રમ, શાળા સલામતી (આપત્તિ વ્યવસ્થાપન), અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ વાનગી હરીફાઈ, શેરી નાટકો અને સાંસ્કૃતિક કાર્યક્રમ અને ગ્રામશિલ્પ વિશેની માહિતી આ શિબિરમાં આપવાનું આયોજન છે.

# જીઆઈપીએસનાં ભૂલકાં પોસ્ટ ઑફિસની મુલાકાતે



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શુક્રવારના રોજ નર્સરીથી ધોરણ-૫ના વિદ્યાર્થીઓને સેક્ટર-૬ પોસ્ટ ઓફિસની મુલાકાત કરવામાં આવી હતી. પોસ્ટ કાર્ડમાં વિદ્યાર્થીઓના હસ્તે સંદેશો લખાવીને પોસ્ટ કરાવવામાં આવ્યા હતા. પોસ્ટ ઓફિસમાં થતી કામગીરી વિષે પોસ્ટ માસ્ટર દ્વારા જાણકારી આપવામાં આવી હતી.

# ૨૦મી ડિસેમ્બરે અમદાવાદમાં સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા. ૧૩

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ ૨૦મી ડિસેમ્બરના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયાની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, બાળ સાહિત્યકાર, વિવેચક યૉસેફ મેકવાનના ૮૦મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાહિત્યકાર યૉસેફ મેકવાન પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' કરશે. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

# સ્પીપા દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષા વિષે માહિતી આપશો





નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું હાલ બી.કોમ માં અભ્યાસ કરું છું. સ્ટાફ સિલેકસન કમિશન વિષે માહિતી આપશો.**

**- ઘનશ્યામ પટેલ, ગાંધીનગર**

સ્ટાફ સિલેકશન કમિશનને સરકારી નોકરીઓનું "પ્રવેશદ્વાર" પણ ઘણા મિત્રો કહે છે. અગાઉ આ એસ.એસ.સી દ્વારા ધો-૧૦ પાસ તથા સ્નાતક થયેલ મિત્રો માટે ૮-૯ જેટલી અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન થતું હતું. આમ ધોરણ ૧૦ પાસ થયેલા મિત્રો સ્ટાફ સિલેકશનની બે-ત્રણ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અલગ અલગ ફોર્મ ભરતા હતા, અલગ અલગ પરીક્ષાઓ આપતા હતા. સ્નાતક મિત્રોને પણ આ જ વાત લાગુ પડતી હતી. એક જ ઉમેદવાર ત્રણ-ચાર અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું ફોર્મ ભરે તે સંજોગોમાં એસ.એસ.સી. નું કામ પણ વધતું હતું. આ બધા સંજોગો ધ્યાનમાં લઈ સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા છેલ્લા થોડા વર્ષો મેટ્રિક લેવલની બધી જ પોસ્ટ માટે એક કમ્બાઈન પ્રિલિમનરી એકઝામ (સી.એસ.એસ.એલ) અને ત્યારબાદ ફાઈનલ એકઝામ લેવામાં આવે છે. તે જ રીતે સ્નાતક લેવલની બધી જ પોસ્ટ માટે પણ



એક જ પરીક્ષા(સી.જી.એલ) બે તબક્કાઓમાં પ્રિલિમિનરી એકઝામ અને ત્યારબાદ ફાઈનલ એકઝામ લેવામાં આવે છે. તે જ રીતે સ્નાતક લેવલની બધી જ પોસ્ટ માટે પણ એક જ પરીક્ષા બે તબક્કાઓમાં - પ્રિલિમિનરી અને ફાઈનલ લેવામાં આવે છે. યાદ રહે, એસ.એસ.સી. દ્વારા કેન્દ્ર સરકારના વર્ગ-૩ કક્ષાના કર્મચારીઓની ભરતી થાય છે. જ્યારે UPSC વર્ગ -૧ અને વર્ગ -૨ કક્ષાના અધિકારીઓની ભરતી કરે છે.અને એક માહિતી એ પણ આપવા માંગીશું કે હાલ સી.એચ.એસ.એલ.ની ભરતી પ્રક્રિયા ચાલુ થઈ ગયેલ છે. જેના માટે ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૦ જાન્યુઆરી છે. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૨. સ્પીપા (સરદાર પટેલ ઇન્સ્ટટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન) દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષા વિષે માહિતી આપશો.**

**-ચંદ્રશેખર કુશવહા, ગાંધીનગર**

સ્પીપાની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા રાજ્યકક્ષાની સર્વોચ્ચ તાલીમ સંસ્થા તરીકે ૧૯૬૨માં કરવામાં આવી હતી. ૧૯૭૪માં, સંસ્થાનું પુનઃનામાંકરણ સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન તરીકે કરવામાં આવ્યું. આ સંસ્થા તેની ભૂમિકા પરિપૂર્ણ કરવામાં જરૂરી લવચીકતા મેળવે અને રાજ્ય સરકારની અપેક્ષાઓને પૂરી કરી શકે હેતુસર ઑક્ટોબર, ૨૦૦૪માં તે (ભારતીય સોસાયટી અધિનિયમ હેઠળ નોંધાયેલી) એક સ્વાયત્ત સંસ્થા બની હતી. ગુજરાત સરકારે તેમના કર્મચારી વર્ગની કામગીરીને વધારવા માટે તાલીમને, પ્રયાસ અને પરીક્ષણના અસરકારક સાધન તરીકે સ્વીકૃત કરી છે. ૧૯ એપ્રિલ, ૨૦૦૪થી અમલી બનેલી રાજ્ય તાલીમ નીતિમાં જાહેર સેવા આપનાર સેવક માટે સ્પીપા અથવા અન્ય સ્વીકૃતિ તાલીમ સંસ્થામાં 'ફરજિયાત તાલીમ' માટેનું માળખું તૈયાર કરાયેલું છે સ્પીપાના પરીક્ષા પ્રભાગ દ્વારા ચાર કેટેગરી માટે વિવિધ કેડરની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. સીધી ભરતીના અધિકારીઓ/કર્મચારીઓની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા, બઢતી માટેની ખાતાકીય પરીક્ષા, CCC+ પરીક્ષા, રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં સીધી ભરતીથી નિયુક્તિ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા.ખાતાકીય પરીક્ષા ની વાત કરીએ તો એમાં સચિવાલયના નાયબ સેકશન અધિકારી, કારકુન/ટાઈપીસ્ટ અને વર્ગ-૪ના કર્મચારીઓની



ખાતાકીય પરીક્ષા, ગુજરાત વિકાસ સેવાના અધિકારી/કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા, નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાની લાયકાત પરીક્ષા,બિન સચિવાલય વર્ગ-૪ના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા નો સમાવેશ થાય છે. સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા માં સ્પીપા દ્વારા વિવિધ વિભાગો હસ્તકની જુદી-જુદી કચેરીઓમાં સીધી ભરતીથી નિયુક્તિ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન પેમેન્ટ બેઈઝ પર કરવામાં આવે છે.

**૩. હું ૧૨ સાયન્સ માં અભ્યાસ કરૂ છું.ગ્રુપ-એ બાદ કયા આગળ કયા કયા વિકલ્પો ઉપલબ્ધ છે?માહિતી અપશો.**

**- કે. જ્યોતિ, અમદાવાદ**

ગ્રુપ-એ પછી ઘણા બધા વિકલ્પ હોય છે જે આપ ને એક સફળ કારકિર્દી બનાવવામાં ઉપયોગી થઈ શકે છે. પણ સૌથી મહત્વની બાબત એ છે કે આપ કયા વિષય અથવા ક્ષેત્રમાં રુચિ ધરાવો છો! આપે એજ વિષય અને ક્ષેત્ર પસંદ કરવું કે જેમા આપ કોઈ બર્ડન એટ્લેકે ભાર વગર એટ્લે કે ચિંતામુકત અભ્યાસ કરી શકો. હવે વિકલ્પ ની વાત કરીએ તો, ૧૨ સાયન્સ (ગ્રુપ એ) પછી આપ બી.ઈ., બી.ટેક. એટલે કે ઍન્જિનીયરિંગ ક્ષેત્ર માં જઈ શકો છો, જેમાં આપ કોમ્પ્યુટર , સિવિલ, ઈલેક્ટ્રીકલ વગેરે જેવા મુખ્ય વિષય પસંદ કરી આગળ વધી શકો છો. એ સિવાય ઘણા વિદ્યાર્થીઓ બી.એસ.સી.ની પસંદગી કરતા હોય છે જેમાં આપ કેમેસ્ટ્રી , ફિઝિક્સ, મેથ્સ, બાયોલોજી જેવા વિષય પસંદ કરી શકો છો. તદુપરાંત અન્ય એક વિકલ્પ છે જેના વિશે મોટાભાગના વિદ્યાર્થી અજાણ હોય છે અને તે છે બી.ફાર્મ. આપ એ-ગ્રુપ પછી પણ ફાર્મસી પસંદ કરી શકો છો. અન્ય



એક વિકલ્પની વાત કરીએ તો એ છે બી.સી.એ. એટલે કે બેચલર ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન , એ કર્યા પછી આપ માસ્ટર એટલે કે એમ.સી.એ પણ કરી આઈ.ટી ક્ષેત્ર માં જઈ શકો છો. એક અન્ય વિકલ્પની વાત કરીએ જેના વિશે ઘણા વિદ્યાર્થીઓ ને માહિતી નથી હોતી, એ છે લૉ એટ્લેકે સી.એલ.એ.ટી.ની પરીક્ષા આપી એન.એલ.યુ. જેવી પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન મેળવી એક જ્વલંત કારકિર્દી બનાવી શકો છો. ત્યાર બાદ એક અલગ વિકલ્પ આઈ.એચ.એમ. એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઑફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં પ્રવેશ માટે આપે એન.સી.એચ.એમ.સી.ટી.-જે.ઈ.ઈ.ની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. આઈ.એચ.એમ. જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો. આ સિવાય પણ આપ એન.ડી.એ. એટલે કે નેશનલ ડિફેન્સ એકેડમી ની પરીક્ષા આપી શકો છો. આ અને અવા ઘણા વિકલ્પ પર તમે વિચાર કરી શકો છો.પણ સૌથી મહત્વની વાત જે તમને શરુઆતમાં કરી હતી કે આ બધા વિકલ્પમાંથી આપ એજ વિકલ્પ પસંદ કરશો જેમાં આપને રુચિ હોય.જેથી આપ સરળતાથી આપના મનપસંદ લક્ષ્યને પ્રાપ્ત કરી શકો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner